# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM PATEL OFFICE VISIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં મંત્રીઓના કાર્યાલયની આકસ્મિક મુલાકાત લીધી. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે, મુખ્યમંત્રી અચાનક સ્વર્ણિમ્ સંકુલ એકના બીજા માળે પહોંચ્યા, જ્યાં તેમણે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ અને કુંવરજી બાવળિયાના કાર્યાલયની મુલાકાત લીધી. દરમિયાન તેમણે મંત્રીઓના કાર્યાલયમાં આવેલા અરજદારોની રજૂઆતો પણ સાંભળી હતી.

. . . . . . . . . . . . .

# PANSHERIYA SH RBSK

**આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું, રાજ્યમાં ગત 11 વર્ષમાં શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત અંદાજે 15 કરોડ 89 લાખથી વધુ બાળકોની વિનામૂલ્યે આરોગ્યલક્ષી તપાસ કરવામાં આવી છે. જ્યારે બે લાખ 18 હજારથી વધુ બાળકોને હૃદય, કિડની, યકૃત પ્રત્યારોપણ સહિતની અતિવિશિષ્ટ સારવાર વિનામૂલ્યે અપાઈ છે.**

રાજ્ય સરકાર દ્વારા ભાવિ પેઢીને વધુ તંદુરસ્ત બનાવવાના હેતુસર 'શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય' કાર્યક્રમ યોજના અમલી બનાવવામાં આવી છે. તેમાં નવજાત શિશુથી 18 વર્ષ સુધીના તમામ બાળકો જેવા કે,

**આંગણવાડી, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક તથા શાળામાં ન જતા બાળકોની નિયમિત આરોગ્ય તપાસ, ચકાસણી અને જરૂરી સારવાર નિ:શુલ્ક કરાય છે તેમ પણ શ્રી પાનશેરિયાએ ઉંમેર્યું.**

. . . . . . . . . . . . .

# CM JORAVARSINH

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે ગુજરાતની લોકકળા અને લોકસંસ્કૃતિના પ્રહરી પદ્મશ્રી સ્વ. જોરાવરસિંહ જાદવની આજે પ્રાર્થના સભા યોજાઇ. તેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વ. જોરાવરસિંહ જાદવને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા.

સ્વ. જોરાવરસિંહ જાદવ લેખક અને સંશોધક ઉપરાંત ગુજરાતની ધરતીને ધબકતી રાખનારી લોકકળા અને લોકકલાકારોના જીવંત સંરક્ષક હતા. તેમણે વર્ષ 2019માં તેમજ પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. તેમણે સંગીત નાટક અકાદમીના ઉપાધ્યક્ષ તરીકે પણ સેવા આપી હતી.

. . . . . . . . . . . . .

# GIR SOMNATH FARMER

રાજ્ય સરકારે કમોસમી વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કર્યું છે, જેને રાજ્યભરના ખેડૂતો આવકારી રહ્યા છે. ગીરસોમનાથમાં

સૂત્રાપાડા તાલુકાના હરણાસા ગામના ખેડૂત મૂળાભાઈ નાઘેરાએ આ રાહત પેકેજ અંગે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

(બાઈટઃ મૂળાભાઈ નાઘેરા, ખેડૂત)

. . . . . . . . . . . . .

# MEHSANA JEERA AAVAK

મહેસાણાના ઊંઝા માર્કેટિંગ યાર્ડમાં કમોસમી વરસાદ બાદ જીરુંની આવકની સાથે ભાવમાં વધારો થયો છે. યાર્ડમાં હાલ દૈનિક 15 હજાર બોરી જીરુંની આવક નોંધાઈ હતી. જ્યારે જીરુંનો સરેરાશ ભાવ ત્રણ હજાર 700થી ત્રણ હજાર 750 રૂપિયા સુધીનો રહ્યો છે. વરિયાળીની પણ બે હજાર 500 જેટલી બોરીની આવક નોંધાઈ હતી. તેનો ભાવ ત્રણ હજાર 500 રૂપિયાથી ચાર હજાર રૂપિયા જેટલો રહ્યો હતો.

. . . . . . . . . . . . .

# AMRELI MAGFALI KHARIDI

**અમરેલીમાં બાબરા, બગસરા, ધારી, રાજુલા અને સાવરકુંડલા કેન્દ્રો ખાતે ગઈકાલથી ટેકાના ભાવે મગફળીની ખરીદીનો શુભારંભ થયો. રાજ્ય સરકારે આ વર્ષે ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રતિમણ એક હજાર 452**

**રૂપિયા ભાવ જાહેર કર્યો છે. ત્યારે જિલ્લામાં 92 હજાર 118 ખેડૂતોએ ખરીદી માટે નોંધણી કરાવી છે.**

**ધારીના પ્રાન્ત અધિકારીએ જણાવ્યું, રાજ્ય સરકારના દિશાનિર્દેશ મુજબ ગુણવત્તા-યુક્ત મગફળીની ખરીદી કરાશે. ટેકાના ભાવે થતી ખરીદી સંપૂર્ણપણે પારદર્શક માહોલમાં થાય અને ખેડૂતોને પૂરતો લાભ મળે તે પ્રકારે વ્યવસ્થા કરવામાં આવી છે.**

. . . . . . . . . . . . . .

# SANGHAVI TAPI

તાપી જિલ્લાના પ્રવાસે રહેલા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આદિવાસી ભોજનની મજા માણી. ગઇકાલે ન્યાય મંદિરના લોકાર્પણ અને જનજાતિ ગૌરવ યાત્રા નિમિત્તે તેઓ તાપી પહોંચ્યા હતા. શ્રી સંઘવીએ ડોલવણ ખાતે સ્થાનિક આદિવાસી પરિવારમાં જઈ આદિવાસી પરંપરાગત બાફેલું કોળું સહિતની વાનગીનો આનંદ માણ્યો હતો.

. . . . . . . . . . . . . .

# GANGVAR EKTA NAGAR

એકતા નગર ખાતે ભારત પર્વના નવમાં દિવસે ઝારખંડના રાજ્યપાલ સંતોષકુમાર ગંગવાર અને રાજ્યના ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે, ઝારખંડના રાજ્યપાલે જણાવ્યું કે, 'ભારત પર્વ' દેશની લોકપરંપરા, લોકજીવન અને લોકચેતનાને જોડતો એક અદભૂત સેતુ છે. તેમણે સરદાર પટેલના જીવનમાંથી પ્રેરણા લોકોને અનુરોધ કર્યો.

(બાઇટ : સંતોષકુમાર ગંગવાર, રાજ્યપાલ)

દરમિયાન રાજ્યના ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, એકતાનગર એ સ્થાન છે, જ્યાં સરદાર સાહેબનું સ્વપ્ન સાકાર થયું છે. સરદાર સરોવર બંધ એમની દુરંદેશિતા અને દ્રઢ સંકલ્પનો પરિચય આપે છે.

. . . . . . . . . . . . .

# KURASH SPORTS BHAVNAGAR

**ભાવનગર જિલ્લાના ટીમાણામાં આવેલી ગણેશ શાળાના વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાની કુશ્તી જેવી રમત એટલે કે, કુરાશ સ્પર્ધામાં સાત ચંદ્રક જીત્યા છે. તેમાં બે સુવર્ણ ચંદ્રક પણ સામેલ છે. મહીસાગરમાં 69-મી અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવ સ્પર્ધા હેઠળ કુરાશ સ્પર્ધા રમાઈ હતી. તેમાં આ શાળાના વિદ્યાર્થી નક્ષ ધાંધલ્યા અને સંદીપ સોલંકીએ સુવર્ણ ચંદ્રક મેળવ્યા છે.**

જ્યારે હેત બારૈયા, માધવ જાની અને કપિલ પંડ્યાએ રજત ચંદ્રક જીત્યા છે. હવે આ ખેલાડીઓ ઉત્તરપ્રદેશમાં યોજાનારી રાષ્ટ્રીય કક્ષાની કુરાશ સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે.

. . . . . . . . . . . . . .